# જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી, વિકસતી જાતિ

**કચેરી નં.૨૧, ભોંયતળીયે, જીલ્લા સેવા સદન,**

**રાજપીપળા - ૩૯૩૧૪૫, જીલ્લો - નર્મદા.**

**ફોન નં.૦૨૬૪૦-૨૯૯૧૧૯, E-mail:- swo-nar@gujarat.gov.in**


---

**નં./સકઅ/વિજા/શિષ્યવૃત્તિ/૨૩-૨૪/૩૨૨.** **તા.૦૫/૧૨/૨૦૨૩.**

પ્રતિ,
લીડ બેંક મેનેજરશ્રી,
બેંક ઓફ બરોડા,
રાજપીપલા.

**વિષય** :- પ્રિ.મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના વિદ્યાર્થીઓની બેંકખાતાની વિગતો અપડેટ કરવા બાબત.

**શ્રીમાન,**

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, કેન્દ્ર પુરસ્કૃત યોજના અંતર્ગત વર્ષ:૨૦૨૨-૨૩ અને વર્ષ:૨૦૨૩-૨૪ ની **PM YASASVI પ્રિ.મેટ્રીક અને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં કેન્દ્ર સરકારની PFMS ના માધ્યમથી** ચૂકવણું કરવાનું થાય છે, જેમાં વિદ્યાર્થીઓના બેંકખાતાની વિગતો અપડેટ કરવા માટે તા.૦૨/૧૨/૨૦૨૩ ના રોજ મળેલી વીડીયો કોન્ફરન્સમાં સૂચના મળેલ હતી. જો વિદ્યાર્થીઓના બેંક ખાતાને લગતી વિગતો અપડેટ કરેલ નહિ હોય તો તેઓના બેંક ખાતામાં શિષ્યવૃત્તિની રકમનું ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ. જેથી અત્રેના જિલ્લાની કોઇપણ શાળા/સંસ્થા/કોલેજના આચાર્યશ્રી/કર્મચારીશ્રી/વાલીઓ/વિદ્યાર્થીઓ તેમના બેંક ખાતાને લગતી વિગતો અપડેટ કરવા આવે તો **નીચેની સૂચનાઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો તાત્કાલિક ધોરણે અપડેટ કરી તે ડેટા NPCI સર્વર પર મોકલી આપવા વિનંતી છે.** જેથી વિદ્યાર્થીઓને સમયસર શિષ્યવૃત્તિનું ચૂકવણું કરી શકાય. શિષ્યવૃત્તિની રકમ આધાર સાથે લીંક કરેલ બેંક ખાતામાં જ જમા થશે. જેની ખાસ નોંધ લેવી.

❖ **નીચેની સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવી :-**

1. વિદ્યાર્થીનું **બેંક ખાતું અપડેટ કરવું / Active હોવું જોઇએ**.
2. વિદ્યાર્થીનો **Aadhar નંબર – બેંક ખાતા સાથે લીંક કરવો / હોવો જોઇએ.**
3. વિદ્યાર્થીનો **Aadhar નંબર – બેંક ખાતા સાથે લીંક કર્યા બાદ** તરત જ બેંકના અધિકારીશ્રી / કર્મચારીશ્રીએ તે **ડેટાને NPCI સર્વર પર મોકલવા** જોઇએ.
4. જો વિદ્યાર્થીનું ઉપરની તમામ બાબતો પરિપૂર્ણ હશે અને **NPCI STATUS – ACTIVE** હશે તો જ ઓનલાઇન શિષ્યવૃત્તિમાં વિદ્યાર્થીની વિગતો **SAVE** થશે અને શિષ્યવૃત્તિની પ્રપોઝલ બનવા માટેની આગળની પ્રોસેસ થઇ શકશે.

આમ, ચાલુ વર્ષમાં વિદ્યાર્થીઓના ખાતામાં સમયસર શિષ્યવૃત્તિ ચૂકવી શકાય તે માટે બેંકના અધિકારીશ્રી/કર્મચારીશ્રીની ભૂમિકા પણ ખૂબ જ અગત્યની હોઇ, તેઓને આપના મારફત આ બાબતે જરૂરી સૂચના આપવા અને કાર્યવાહી કરવા માટે આપને આજ્ઞાનુસાર વિનંતી કરવામાં આવે છે.

**(એસ.એમ.બારીયા)**
**જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી**
**વિકસતી જાતિ, નર્મદા.**

**<u>નકલ સવિનય જાણ સારૂ રવાના :-</u>**

(૧) માનનીય કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, નર્મદા-રાજપીપળા.
(૨) માનનીય નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર.

**<u>નકલ સવિનય જાણ તથા ઉક્ત બાબતે આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા સારૂ :-</u>**

(૧) માનનીય કુલપતિશ્રી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, પો.બો.નં.૪૯, ઉધના-મગદલ્લા રોડ, સુરત.
(૨) માનનીય કુલપતિશ્રી કૃષિ યુનિવર્સીટી, ઇરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી.
(૩) માનનીય કુલપતિશ્રી ગુજરાત ટેકનોલોજી યુનિવર્સીટી,વીસત ત્રણ રસ્તા નજીક, ચાંદખેડા, અમદાવાદ.
(૪) માનનીય કુલપતિશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ યુનિવર્સીટી, સેક્ટર-૧૫, ગ-રોડ, મહાત્મા મંદિર નજીક, ગાંધીનગર.
(૫) માનનીય જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા. જિલ્લા સેવા સદન, રાજપીપળા.